સ્વચ્છતામાં સુરત નં.1 ત્યારેજ બનશે જ્યારે લોકો સ્વચ્છ શહેર કહેશે

દસ્તાવેજો રજૂ કરીને સુરત શહેરને સ્વચ્છતામાં અગ્રેસર બતાવવું અલગ વાત છે અને સુરત શહેર સ્વચ્છ તેવો અનુભવ સુરતવાસીઓ કરે તે અલગ વાત છે. સુરત મહાપાલિકા દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણમાં અગ્રક્રમ લાવવામાં આવે તેનો વાંધો નથી પરંતુ સુરતવાસીઓ શહેરમાં સ્વચ્છતાનો અનુભવ કરે તે જરૂરી છે. સુરત મહાપાલિકાના અધિકારીઓ અને શાસકોએ એ વાત ધ્યાનમાં રાખવી જેવી છે કે સુરત શહેર સ્વચ્છતામાં ત્યારે જ નં.1 ગણાશે કે જ્યારે સુરતવાસીઓ સુરત શહેરને સ્વચ્છ કહેશે. ત્યારે જ ખરો એવોર્ડ સુરત મહાપાલિકાને મળ્યો ગણાશે.



ચાલો સુરતને સાથે મળીને ખરેખર સ્વચ્છ બનાવીએ

સુરતને સ્વચ્છતા માત્ર કાગળ પર નહીં પરંતુ ખરેખર જળવાવવી જોઇએ તે ખૂબ જ જરૂરી છે. તમારા વિસ્તારમાં ગંદકી કે અસ્વચ્છતા જોવા મળે તો અહીં આપેલા નંબર ઉપર વોટ્સએપ કરી નામ અને વિસ્તાર મોકલવો. જેથી અમે સત્તાધીશોનો પ્રત્યુત્તર મેળવી શકીએ.

8153999903

ફરિયાદી કનૈયા પાનવાલા — પામ ગાર્ડન, પાલનપુરગામ

ફરિયાદી નઝમી છત્રીવાલા — મોતી ટોકીઝ, ફાલસાવાડી

ફરિયાદી અહેસાન મિર્ઝા

ફરિયાદી યોગેન્દ્રસિંહ વાંસિયા — સાંઇદર્શન ફ્લેટ, એસએમસી ઓફિસની પાછળ, સચીન

તારીખ 29 જુલાઈ

ફરિયાદી ચંદુ માહ્યાવંશી — રામદેવ પીર મંદિરની સામે, પાંડેસરા ગામ, પાંડેસરા

તારીખ: 31 જુલાઈ

સામૂહિક આપઘાત કરનાર અલ્પેશભાઈએ માતાનો ફોન ઉપાડ્યો નહીં અને શંકા ગઈ

માતાએ ફોન કરતા પુત્રવધૂએ ભાઈના મિત્રને ઘરે તપાસ કરવા મોકલ્યા ને ઘટનાની જાણ થઈ

સુરતઃ પુત્રોને ઝેર પીવડાવીને પોતે પણ ઝેર પીનાર અલ્પેશભાઈની માતાએ બપોરે આશરે 3 વાગ્યે તેમને ફોન કર્યો હતો, પરંતુ તેમણે ફોન ઉપાડ્યો ન હતો. જેથી ચિંતિત માતાએ તેમની પુત્રવધુ પત્ની ફાલ્ગુનીબેનને ફોન કર્યો હતો. ફાલ્ગુનીબેનએ તેમના ભાઈને ફોન કરતા તેમના ભાઈએ તેમના એક મિત્રને તેમના ઘરે મોકલ્યો હતો. મિત્રએ ઘરનો દરવાજો ખખડાવ્યો હતો, પરંતુ કોઈ જવાબ ન મળતા દરવાજો તોડવામાં આવ્યો હતો. દરવાજો તોડતાં જ અંદરનું હૃદયદ્રાવક દ્રશ્યો સામે આવ્યું હતું અને અલ્પેશભાઈ ફાંસો ખાધેલી હાલતમાં, જ્યારે બંને બાળકો બેડ પર મૃત હાલતમાં હતા.

અલ્પેશભાઈ બંને બાળકોને શાળા-આંગણવાડીથી વહેલી ઘરે લઈ આવ્યા હતા

આ ઘટનામાં એક ચોંકાવનારી વિગતો એવી સામે આવી છે કે અલ્પેશભાઈ જ પોતાના બંને પુત્રને શાળાએથી સમય પહેલા લઈ આવ્યા હતા. ઘરે આવ્યા બાદ તેમણે બાળકોને ઝેર પીવડાવ્યું અને પોતે ફાંસો ખાઈ લીધો હતો. આ વિગતથી એવું લાગે છે કે અલ્પેશભાઈએ આ ઘટનાનું આયોજન પૂર્વનિયોજિત રીતે કર્યું હશે.

પોલીસે અલ્પેશભાઈની પત્ની અને પરિવારના અન્ય સભ્યોનાં નિવેદનો નોંધવા શરૂ કર્યા

પોલીસ અધિકારીઓનું કહેવું છે કે તેઓ આપઘાતના ચોક્કસ કારણો જાણવા માટે તમામ પાસાઓની તપાસ કરી રહ્યા છે. આ ઉપરાંત, પોલીસે અલ્પેશભાઈની પત્ની અને પરિવારના અન્ય સભ્યોના નિવેદન લેવાની પ્રક્રિયા શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ ઝેરી પદાર્થની ઓળખ અને મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

થોડા દિવસોમાં જ નવા ઘરમાં શિફ્ટ થવાનાં સ્વપ્નોથી ઉત્સાહિત હતો પરિવાર

અલ્પેશભાઈ સોલંકી અને તેમના પરિવાર થોડા દિવસોમાં નવું ઘર લઈને શિફ્ટ થવાની તૈયારીમાં હતા. આ નવા ઘરમાં નવી શરૂઆતની આશા સાથે તેઓ ઉત્સાહિત હતા. પરિવારનું જીવન બાહ્ય રીતે ખુશહાલ દેખાતું હતું અને નવા ઘરમાં રહેવાની યોજના તેમના સપનાનો એક ભાગ હતી. જો કે, આ દુઃખદ ઘટનાએ તેમના આ ઉત્સાહ અને સપનાઓને અધૂરા મૂકી દીધા છે.

સરથાણામાં રહેણાંક બંગલાને ઈમ્પેક્ટ ફી ભરીને કોમર્શિયલ કરી દેવાતા સોસાયટીવાસીઓનો વિરોધ

સુરતઃ સુરત મનપાના સરથાણા ઝોનમાં સાંઈ બંગલો નામની સોસાયટીના એક બંગલાને ઈમ્પેક્ટ ફી ભરી કોમર્શિયલ વપરાશ શરૂ કરવાની પેરવી થતા સોસાયટીવાસીઓએ વિરોધ નોંધાવ્યો છે.

વરાછા ઝોન-બીમાં સરથાણા વિસ્તારમાં સાંઈ બંગલોમાં રોડ સાઈડના એક બંગલાને કોમર્શિયલ મિલકત ગણાવી મિલકતદારોએ તેની ગોડાઉન તરીકે આકારણી કરાવી ઈમ્પેક્ટ ફીમાં મંજૂર મેળવી લીધી હતી. હવે આ બંગલામાં શટર પાડીને દુકાનો બનાવવાનું ચાલુ થતા સોસાયટીવાસીઓએ વિરોધ કર્યો હતો. મયેરને પણ રજૂઆત થતા મેયરે ઝોનના અધિકારીઓને આ મુદ્દે રિપોર્ટ આપવા તાકીદ કરી છે. તેમજ જવાબદારો સામે કાર્યવાહી કરવા ખાતરી આપી હતી.

૧૪ વર્ષથી ફરાર આરોપી રાયબરેલીની રેલકોચ ફેક્ટરીમાંથી ઝડપાયો

૨૦૧૧માં હજીરા પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતનો ગુનો નોંધાયો હતો

સુરતઃ વર્ષ ૨૦૧૧માં હજીરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા ૧૪ વર્ષથી ફરાર આરોપીને ઝોન-૬ એલ.સી.બીની ટીમે ઉત્તરપ્રદેશના રાયબરેલી જિલ્લામાંથી રેલડબ્બાના કારખાનામાંથી ઝડપી પાડ્યો છે. ઝોન-6ના ડીસીપી રાજેશ પરમારે માહિતી આપતા જણાવ્યું હતું કે એલ.સી.બી સ્કવોડને બાતમી મળી હતી કે, વર્ષ ૨૦૧૧માં હજીરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા ૧૪ વર્ષથી ફરાર આરોપી મુનતાજખાન ઉર્ફે મુનો રાયબરેલી વિસ્તારમાં આવેલ આધુનિક રેલડબ્બા કારખાનામાં હાજર છે. જે હકીકતના આધારે પોલીસ ઉપરોક્ત સ્થળે રેડ કરી આરોપીને ઝડપી પાડી સુરત ખાતે લઇ આવી છે.

ત્રણ દિવસ સુધી વેશપલટો કરી 50 ટ્રક ડ્રાઇવરની પૂછપરછ કરી

આરોપીને પકડવા પોલીસની ટીમ આશરે 1200 કિલોમીટરના અંતરે રાયબરેલી પહોંચી હતી, જ્યાં ત્રણ દિવસ સુધી તેઓએ સ્થાનિક વેશભૂષા ધારણ કરી રેલ્વે યાર્ડમાં પાર્ક કરેલી 50 જેટલા ટ્રક ડ્રાઇવરોથી પૂછપરછ કરીને આરોપીની માહિતી એકત્ર કરવામાં આવી હતી.

હરિપુરામાં પુત્રને સ્તનપાન કરાવતી પરિણીતાને બીભત્સ ઈશારા કરનારો પડોશી યુવક ઝડપાયો

સામે રહેતી પરિણીતાને પોતાના ઘરની બારીમાંથી બીભત્સ ઈશારા કરતો હતો, પોલીસે છેડતીનો ગુનો નોંધ્યો

સુરતઃ હરિપુરા વિસ્તારમાં પરણીતાને પોતાના માસુમ પુત્રને સ્તનપાન કરાવતી વખતે પડોશી યુવક વારંવાર બિભસ્ત ઈશારા કરતો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. મહિલાએ વિવશ થઈ લાલગેટ પોલીસ મથકે ફરિયાદ કરતાં પોલીસે આરોપી યુવક સામે છેડતીનો ગુનો દાખલ કરી તેને ઝડપી લીધો છે. પરિણીતાએ પોલીસને જણાવ્યું હતું કે, ૨૧મી જુલાઈ ૨૦૨૫ના રોજ સવારે અંદાજે ૮ વાગ્યાના સુમારે તથા ૨૮ જુલાઈના રોજ સવારે લગભગ ૬:૩૦ વાગ્યે તે તેના ઘરે પોતાના બેડરૂમની બારી પાસે બેસીને પોતાના દીકરાને સ્તનપાન કરાવી રહી હતી. ત્યારે સામે રહેતો પિયુષ મનીષભાઈ પટેલ નામનો યુવક તેના ઘરની બારીમાંથી બિભત્સ ઈશારાઓ કરતો હતો. પરિણીતાએ વધુમાં જણાવ્યું કે, શરૂઆતમાં તેણે આ ઈશારા અવગણ્યા હતા, પરંતુ પછીથી પિયુષ પટેલે નિરંતર બિભત્સ વર્તન ચાલુ રાખતાં તેને છેડતીની લાગણી અનુભવાઈ હતી. આ કારણે તેણે હિંમત કરી લાલગેટ પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી પિયુષ પટેલ વિરુદ્ધ છેડતી સહિત IPC કલમોની હેઠળ ગુનો દાખલ કરી તેને ઝડપી લીધો છે.

જહાંગીરપુરા અને ડિંડોલી પોલીસે રૂ.9.46 લાખનો દારૂ-બિયરનો જથ્થો પકડી પાડ્યો

સુરતઃ શહેરની જહાંગીરપુરા અને ડિંડોલી પોલીસે અલગ અલગ બે સ્થળે રેડ કરી દારૂ/બિયરના જથ્થા સહિત કુલ રૂ.14.54 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જહાંગીરપુરા પોલીસને બાતમી મળી હતી કે એક મહિન્દ્રા બોલેરો પીકઅપ નં. MH 48 BM 0634નો ચાલક અલીશેર ઈસ્માઈલ (રહે. સોહલપુર, સિકરોડા, હરીદ્વાર)માં ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની વ્હીસ્કી તથા બીયરનો જથ્થો લઈ જહાંગીરપુરા વરીયાવ ચેકપોસ્ટ પાસેથી પસાર થવાનો છે. પોલીસે ચાલકને ધીરેથી વાહન ચલાવવાનો ઈશારો કર્યો હતો, જો કે ચાલકે યુ ટર્ન મારી પીકઅપ હંકારી મૂક્યું હતું. ટેન્ક સર્કલથી આગળ રસ્તાની બાજુમાં પીકઅપ ત્યજી નાસી છૂટ્યો હતો. પોલીસે તલાશી લેતા ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી બાટલીઓ/બીયર ટીન નંગ.1824 કિ.રૂ 3,68,400/- મળી આવી હતી. પોલીસે ચાલકને વોન્ટેડ જાહેર કર્યો હતો.

ડીંડોલી પોલીસે ડીંડોલી, સણિયાગામ મરાઠા ચિકન સેન્ટરની દક્ષિણે ખુલ્લી જગ્યામાં રેડ કરી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો/બિયર ટીન નંગ કુલ ૧૬૩૦ કિં.રૂ.૫,૮૬,૫૧૨/- તથા ૨,૫૦,૦૦૦/- ની કાર મળી કુલ્લે રૂ.૮,૩૬,૫૧૨/- ની મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

100 કરોડના બોગસ બિલિંગ કૌભાંડમાં યતીન દુધાતની જામીનઅરજી કોર્ટે ફગાવી

યતીન દુધાત પર 15.19 કરોડની GST ચોરીનો આરોપ, DGGIએ યતીનની ઓફિસ, વ્યવસાયના સ્થળેથી અનેક સંદિગ્ધ દસ્તાવેજો જપ્ત કર્યા હતા

સુરતઃ યોગીચોક વિસ્તારમાં રહેતા કાપડ વેપારી યતીન વિનુ દુધાતની 100 કરોડ રૂપિયાના બોગસ બિલિંગ ટ્રાન્ઝેક્શન કેસમાં જામીનઅરજી ચીફ કોર્ટે ફગાવી દીધી છે. DGGI દ્વારા આ કેસની તપાસ હાથ ધરવામાં આવી છે, જેમાં યતીન દુધાત પર 15.19 કરોડ રૂપિયાની જીએસટી ચોરીનો આરોપ છે.

DGGIએ અગાઉ આ પ્રકરણમાં ચેતન પટોલિયા નામના આરોપીની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન યતીન દુધાતની સંડોવણી પણ સામે આવી હતી. આરોપ છે કે, યતીને સહ-આરોપી પાસેથી બિલ વિના માલની ખરીદી કરીને ખોટા ઈન્વોઈસ બનાવ્યા હતા, જેના દ્વારા તેણે બોગસ બિલિંગ દ્વારા 15.19 કરોડ રૂપિયાની ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC)નો લાભ લીધો હતો. DGGIએ યતીનની ઓફિસ અને વ્યવસાયના સ્થળે દરોડા પાડીને અનેક સંદિગ્ધ દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

DGGIએ આ મામલે ચાર્જશીટ તૈયાર કરીને કોર્ટમાં રજૂ કરી હતી. ચાર્જશીટ રજૂ થયા બાદ યતીન દુધાતે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર ઈમરાન મલેકે આ અરજીનો વિરોધ કર્યો હતો. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ ચીફ કોર્ટે યતીન દુધાતની જામીન અરજી નકારી કાઢી હતી.